## પ્રૌઢશિક્ષણ માટેનું પ્રમાણીત સાહિત્ય

### સંપાદકો : ગિજુભાઈ અને તારાબેન

૧ ગણપતિ બાપા
૨ ચેલૈયો
૩ ઊભું હતું. ઊભુ હતું
૪ હજામડી
૫ કમાટ
૬ બાળ૦ બીરબલ-૧
૭ ગોપીચંદ
૮ બાળનાટકો-૧
૯ હંસ અને હંસા
૧૦ તીરંદાજ
૧૧ ગામડામાં મળજો
૧૨ બાળપ્રવાસો
૧૩ મારા ગોઠિયા
૧૪ જરા હસો
૧૫ ક્યાંથી આવ્યાં
૧૬ મકનો ને રાક્ષસ
૧૭ રૂપસિંહ-રામસિંહ
૧૮ ટપાલની પેટી
૧૯ ગધેડું
૨૦ ચીડિયાખાનું
૨૧ મહાસભાઓ
૨૨ કહેવતોનાં મૂળ
૨૩ ગપગોળા
૨૪ આફ્રિકા સાંભર્યું
૨૫ શબ્દપોથી
૨૬ વાક્યપોથી
૨૭ ચિત્રોપોથી
૨૮ નાના પાઠો
૨૯ મોટા પાઠો
૩૦ નાની વાતો
૩૧ ઘરમાં
૩૨ આંગણામાં
૩૩ શેરીમાં
૩૪ બાળશાળામાં
૩૫ ગામમાં
૩૬ ફરવા જઈએ
૩૭ જુગતરામના પાઠો
૩૮ ભોં ભોં ભોં
૩૯ ગધેડું ને ઘોડું
૪૦ દાદા દર્શને
૪૧ બાળનાટકો-૨
૪૨ સવારથી માંડીને
૪૩ કુદરતમાં
૪૪ મોતિયો
૪૫ રામજી૦ પડી ગયા
૪૬ મંગેશનો પોપટ
૪૭ ઘોબીરો ધુએ છે
૪૮ પારૂ અને—
૪૯ છાણાંથાપી આવ્યાં
૫૦ મામાની જાળ્ય
૫૧ વાડામાં
૫૨ રોજનીશી
૫૩ બાળ૦ બીરબલ-૨
૫૪ છેટા રહેજો માબાપ
૫૫ મારી ગાય
૫૬ કમળાબેનના પાઠો
૫૭ ગિરિશિખરો
૫૮ કાળા હાથ, કાળી દાઢી
૫૯ ખળાવાડ
૬૦ પૂછું ?
૬૧ ઓત૦ દીવાલો-૧
૬૨ ઓત૦ દીવાલો-૨
૬૩ બુદ્ધચરિત્ર
૬૪ ગુજરાત-મહારાષ્ટ્ર
૬૫ જોડકણાં
૬૬ કહેવતસંગ્રહ
૬૭ હરિશ્ચંદ્ર
૬૮ એમ કેમ ?
૬૯ સાજા રહીએ
૭૦ વ્યાકરણપોથી
૭૧ વરતસંગ્રહ
૭૨ રમતજોડકણાં
૭૩ શિવાજી મહારાજ
૭૪ દુહા અને સોરઠા
૭૫ વિનોદ-ટૂચકા
૭૬ બાળકોના લેખો
૭૭ આપણે પોતે
૭૮ કાવ્યસંગ્રહ
૭૯ છેલ્લો પાઠ
૮૦ સંપાદકોનું કથન

### બાળસાહિત્ય ગુચ્છ

૧ જોયું ને આંખ ઠરી
૨ ઠેકંઠેકા
૩ દાદાજીની તલવાર
૪ વસંત આવી
૫ તકતક તરરર
૬ વિલાયતી વાતો
૭ ગામડામાં ગયો હતો
૮ ટેક
૯ આંબો રોપ્યો
૧૦ સટરપટર વાતો
૧૧ ભેંશના શિંગડામાં
૧૨ લાલ અને હીરા
૧૩ જીવજંતુ
૧૪ હેમુભાઈના પાઠો
૧૫ કાવ્યો
૧૬ પક્ષીઓ
૧૭ વૃક્ષો
૧૮ વિજ્ઞાન

# બાળસાહિત્યગુચ્છ

સંપાદકો
ગિજુભાઈ
તારાબહેન

# ગામડામાં ગયો હતો

શ્રી દક્ષિણામૂર્તિ બાળસાહિત્ય
સંપાદકો : શ્રી ગિજુભાઈ અને તારાબહેન

## બાળસાહિત્ય ગુચ્છ

# ગામડામાં ગયો હતો

: લેખક :
ગિજુભાઈ

પ્રૌઢશિક્ષણ નિયામકશ્રીના પત્ર નં. ૫૯૨/૮૯-ગ-૧/૧૦૪૫-૧૧૫૦ તા. ૨૪-૪-૧૯૮૯ના પત્રથી જનશિક્ષણ કેન્દ્રો તથા અવૈધિક શિક્ષણ માટે ખરીદવા ભલામણ થયેલ છે.

આર. આર. શેઠની કંપની
પુસ્તક પ્રકાશક અને વિક્રેતા
પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ ૪૦૦ ૦૦૨ * ગાંધી રોડ, અમદાવાદ ૩૮૦ ૦૦૧

પ્રકાશક
ભગતભાઈ ભુરાલાલ શેઠ
આર. આર. શેઠની કંપની
મુંબઈ ૪૦૦ ૦૦૨ ● અમદાવાદ ૩૮૦ ૦૦૧

© પ્રકાશકનાં

પુનઃસંપાદિત : પુનર્મુદ્રણ
નવેમ્બર ૧૯૮૯ : પ્રત ૨૧૦૦

રૂ. ૩—૦૦

મુદ્રક
ભગતભાઈ ભી. શેઠ, શ્રી પ્રવીણ પ્રિન્ટરી
ભગતવાડી સ્ટેશન રોડ, સોનગઢ ૩૬૪૨૫૦

## નાંદીડા ગામે

ગાયકવાડી મુલકમાં નાંદીડા નામે એક ગામ છે. એક વાર અમે ત્યાં ગયેલા. વાળુ કરીને રાત્રે મેડીએ સૂતા. કૂકડો બોલ્યો ને પ્હો ફાટ્યો.

સૂતાં સૂતાં ઘમ્મર ઘમ્મર, ઘરડફરડ સાંભળ્યું. 'આ શું થતું હશે?'

વિચાર કરતાં સમજાયું કે આ ખેડૂતનું ઘર છે, એટલે છાશ થતી હશે.

છાશના એ રણુકારા-ઝણુકારાના મીઠા અવાજમાં ફરી વાર જરા ઊંઘ આવી ગઈ ને સવાર પડ્યું.

નીચે જઈને જોયું ત્યાં તો પિત્તળની મોટી ગોળી હતી; મોટી એટલે ઘણી મોટી. સાથળ સુધી ઊંચી; ગાડાના નાના પૈડા જેવડી પહોળી. કથરોટ જેવડું તો એનું મોં!

ગોળીમાં મોટો રવૈયો હતો. જેવી ગોળી એવો રવૈયો. બે સાંબેલા જેવો જાડો. રવૈયાને માથે એની કડી હતી અને કડીને ઉપર વાળાથી બાંધેલી હતી.

ચાર બાજુથી ચાર નેતરે ચાર માણસો ખેંચતાં હતાં.

બે બહેનો ને બે ભાઈઓ. શું જોરથી ખેંચતાં હતાં! ઘમ્મર ઘમ્મર, ઘરડફરડ; ઘમ્મર ઘમ્મર, ઘરડ ફરડ! આખું ઘર ગાજી રહ્યું હતું; ફળિયું ને વાડો ગાજી રહ્યાં હતાં. એક જણુ થાકે એટલે બીજો આવે ને બીજો થાકે એટલે ત્રીજો જોડાય.

થોડીક વાર નેતરાં ઝટ ફરે; વળી પાછાં ધીમાં પડે. વળી પાછાં ઉતાવળાં; વળી પાછાં ધીરાં. વચ્ચે વચ્ચે સૌ ઊભાં રહે. કોઈ દીવો લે ને ગોળીમાં જુએ કે માખણુ થયું છે કે નહિ.

અમે તો ત્યાં થંભી જ ગયા. નાની સરખી ગોળી ને નાની સરખી રવાઈ દીઠેલી. એક જણુને છાશ તાણતું ભાળેલું. અહીં તો ચાર જણાં મંડેલાં!

મનને થયું : 'ખરેખર, આ ખેડૂતનું ઘર મોટું લાગે છે. ખરા ખેડૂતને ત્યાં તો આવાં જ મોટાં વલોણાં હોય ના?'

મને મન થઈ ગયું : 'ચાલ ને, જોઉં તો ખરો, કે છાશ કેમ થાય છે?' મેં નેતરું લીધું ને ખેંચવા માંડયું. હાથને જરા જોર તો ઠીક પડતું હતું; પણ મજા સારી આવી. શરીર આખું જાણે ખંખેરાઈને હલકું થઈ ગયું. આળસ તો જાણે ક્યાંઈ ઊડી ગયું!

છાશ થઈ રહી ને મોટો એવો પિંડો માખણુ ઊતર્યું.

ત્યાં તો જુવારના ગરમ ગરમ રોટલા થઈ ગયા હતા.



અમને હેતાળ પટેલ અને પટલાણીએ રસોડા પાસે બોલાવ્યા ને ગરમાગરમ રોટલા ને તાજું માખણુ પીરસ્યાં. વધારામાં સૌને પાપડ આપ્યા.

પાપડ ને માખણુ ચોપડેલો રોટલો બહુ મીઠા લાગ્યા. એનો સ્વાદ તો મોઢામાં રહી ગયો છે.

નાંદીડા ગામ અને ત્યાંની મહેમાનગીરી કોઈ દિવસ નહિ ભુલાય.

## નવી નિશાળ

'એલા મગના! ક્યાં ચાલ્યો?'

'એ તો નિશાળે જાઉં છું.'

'નિશાળ વળી કઈ?'

'જો, પેલી નથી દેખાતી? પેલી ખેતર વચ્ચે રહી તે.'

'તે એમાં શું ભણવાનું?'

'ભણવાનું તો કોણ જાણે. પણ ત્યાં તો બહુ મજાનું.'

'તે કહે તો ખરો, કે શું મજાનું છે?'

'ત્યાં નહાવાનું, લૂગડાં ધોવાનું, રમવાનું, વાર્તા સાંભળવાની, ગીતો ગાવાનાં ને મજા કરવાની.'

'ત્યારે એલા, હું આવું?'

'તો આવજે ને! પણ ત્યાં નિશાળ વાળવી જોશે; ફળિયું વાળવું પડશે.'

'તો વાળશું. એ તો આવડે છે.'

'પણ રોજ નહાવું જોશે ને લૂગડાં ધોવાં પડશે.'

'નહાવું તો મને બહુ ગમે છે. ને લૂગડાં યે ધોઈશ.'

'પણ ખડ કાઢતાં આવડશે?'

'લે! ખડ કાઢતાં નહિ આવડે? મારી વાડીમાં હું



રોજ કાઢું જ છું ને?'

'તો આવજે.'

'પણ પાટી જોશે કે? ને પેન?'

'હા, પાટી અને પેન લેતો આવજે. પણ ટોપી પહેરીને આવીશ નહિ.'

'કેમ? ઉઘાડે માથે નિશાળે આવવા દેશે?'

'હા. ભાઈ કહે છે કે ઉઘાડે માથે જ આવવું. નાહકની ટોપી શી?'

'પણ માથે મોટાં મોટાં ભીંછાં હોય એનું?'

'એનું તો ભાઈ એમ કહેતા હતા કે એ કાઢી નાખવાં.'

'એ તો જાણે ઠીક. પણ હેં! ઈ ભાઈ કોણ છે?'

'ઈ છે. એનું નામ તો છે કંઈક. બરાબર નથી આવડતું. ત્રિભો........'

'ઈ મારે ખરા કે?'

'ના રે, મારે તો નહિ જ. ઈ તો ચાલતાં શીખવે, હાથ જુએ, આંખ જુએ, કાન જુએ, લૂગડાં જુએ.'

'એવું વળી શું કામ?'

'શું કામ? આપણા હાથ ને નખ ને લૂગડાં કેવાં છે તે જોવા માટે.'

'એમ? ત્યારે તો મારા યે હાથ ને આંખો જોશે?'

'તે જોવે જ ને! ન જુએ એ કેમ ચાલે?'

'પણ કાંઈ વઢે નહિ ને?'

'ના, વઢે નહિ. પણ હાથ મેલા હોય તો ધોઈ નખાવે; નખ વધ્યા હોય તો કાપી નાખે; આંખ આવી હોય તો ટીપાં પાડે.'

'આંખમાં ટીપાં પાડે તો તો બળે.'

'પણ પછી આંખ તો મટી જાય ને! અંજુની આંખ ત્રણ દીમાં મટી ગઈ.'

'ત્યારે તો મારી બેનને ય લાવીશ. એની ય આંખો આવી છે.'

'તે લાવજે ને! પણ રોટલો લેતો આવજે; ભૂખ લાગે ત્યારે ખાવા થાય.'

'લે! નિશાળમાં ખવાય?'

'હા, હા; ભાઈ કહે છે કે ખવાય. ભાઈ તો અમને હારમાં બેસારે છે, પછી કંઈક બોલે છે ને પછી કહે છે, હવે ખાવ.'

'ત્યારે તો હું ય સાથે રોટલો બાંધી લાવીશ.'

'પણ એલા, પે'રણની ચાળમાં ન લાવતો. ભાઈ કહે છે કે ધોયેલાં લૂગડાના કટકામાં જ રોટલો લાવવો.'

'તે મારા બાપુને હું કહીશ કે મને લૂગડું આપે.'

'લે, હવે હું તો આ ચાલ્યો. જો, થાળી વાગે છે; નથી સાંભળતો?'

## પોંક ખાવા

'કાં ભાઈ ઉકા! પોંકને હવે કેટલી વાર છે?'

'હવે વાર શી? ડૂંડીએ ધઉં તો ચડી ગયો છે.'

'ત્યારે હવે એક વાર પોંક ખવરાવવા લઈ જા ને?'

'તે આપણી ક્યાં ના છે? થાઓ સાબદા. ગાડું તૈયાર છે.'

'ત્યારે કાલે વાત. ક્યારે જશું?'

'સવારે નહિતર સાંજે. પણ બપોર પછી ઠીક; આ.... ને નિરાંતે જવાય. સાંજે પાછા વયા આવશું.'

'ઠીક ત્યારે બપોરે નીકળશું.'

* * *

ઉકાએ ગાડું જોડવા માંડયું ત્યાં તો ચિંતુ, બટુક, જમના ને ગોદી આવીને ગાડે ચડી બેઠાં.

ઉકો કહે: 'અરે, એટલાં ઉતાવળાં કાં થાઓ? ગાડું જોડવા તો દ્યો!'

ચિંતુ કહે: 'કાં બટુક! તારે ઊતરવું પડયું ના?'

જમના કહે: 'બોખલું!'

ગોદી કહે: 'તારું બોખલું!'

રામજી કાકા કહે : ' એ હવે સૌનું બોખલું. ચાલો હવે ગાડામાં બેસી જાઓ. જેજે, સૌ બરાબર સાચવીને બેસજો. '

ચિંતુ કહે : ' કાકા ! હું અહીં બેસું ? '

રામજી કાકા કહે : ' ત્યાં નહિ, બાપુ ! ત્યાં આડા- માંથી પડી જવાય. '

જમના કહે : ' આપણે તો આ કાંઠે બેસશું, આ દોરડું પકડીને. '

' ગાડું ખેતરે આવ્યું ને બળદ છૂટયા. હામાએ બળ- દને લીમડે બાંધ્યા, બૂંગણ પાથર્યું ને કહ્યું : ' એલ્યો સોકર્યાં, ( અલ્યાં છોકરાંઓ ! ) આ બૂંગણ ઉપર બેહો. '

ચિંતુ કહે : ' અહાહાહા ! કેવું લીલું લીલું ખેતર ! '

ગોદી કહે : ' જો તો, વા વાય છે ને ઘઉં કેવા આમ આમ હલે છે ?

બટુક કહે : ' કાકા ! અમે આ ઘઉંમાં જઈએ ? '

કાકા કહે : ' જાઓ. પણ બહુ આઘે જશો નહિ. '

ચિંતુ અને જમના, અને ગોદી, ઘઉંમાં દોડી ગયાં. ચિંતુને ઘઉં છાતી સમા, બટુકને કેડ સમા, ને જમનાને ને ગોદીને તો માથા સુધી. ઘઉંમાં દોડતાંરમતાં છોકરાંને કાકા જોઈ રહ્યા.

* * *

રઘો ઘઉંને કાપી આવ્યો. ખેતરને શેઢેથી ખડ



લાવ્યો. દીવાસળી મૂકીને સળગાવ્યું ને ઉપર ઘઉંની પૂળી ધરી રાખી. હડહડ કરતું ખડ સળગ્યું અને ઘઉંની ડૂંડીઓ તડતડ કરતી નીચે પડી.

ચિંતુ અને જમના, બટુક અને ગોદી તાપ સામે જોઈ રહ્યાં.

પોંક પડી રહ્યો. રઘા અને માઘાએ જેડા પહેરી લઈ જોડે જોડે તીખારવા ઓલવી નાખ્યા. હામાએ ડૂંડીઓ ડૂંડીઓ ભેગી કરી. રઘા અને માઘાએ પછેડી લીધી ને મહીં ડૂંડીઓ નાખી; ચાર છેડા પકડી રાખ્યા ને લાકડીથી ડૂંડીઓને સબોડી. તડફડ તડફડ તડફડ. ડૂંડીઓમાંથી પોંક જુદો થયો ને ફોતરાં અને ડૂંડાં જુદાં પડયાં. માઘાએ પોંકને ઊપણી નાખ્યો એટલે ડૂંડાં ફોતરા ઊડી ગયાં; પછેડી ઉપર લીલા મજાના ઘઉંના પોંકનો ઢગલો થયો.

રામજી કાકા કહે : ' જોયું કે છોકરાંઓ ! પોંક કેમ પડે છે ? '

જમના કહે : ' હા કાકા ! આજ તો નજરોનજર જોયું. '

ચિંતુ કહે : ' મેં યે કોઈ દિવસ જોયું નહોતું. '

બટુક કહે : ' મેં જોયું હતું; નાનાભાઈ સાથે પોર બજુડ ગયો હતો ત્યારે. '

' લ્યો સોકર્યાં, હવે અંઈ બેહીને માંડો ખાવા. '

રામજી કાકા કહે : 'આ સાકર આણી છે તે મહીં ભભરાવો.'

માધો કહે : 'કાકા સાકર વગરે ય ભારે મીઠો લાગે. પોંક તો એમ ને એમ જ ખવાય. અમે તો એમ ને એમ જ ખાઈએ.'

રામજી કહે : 'કાકા ! સાકર વગર પણ મીઠો લાગે છે. જેમ ચાવીએ છીએ એમ સાકર જેવો ગળ્યો લાગે છે ?'

રઘો કહે : 'ઈ તો એમ જ છે ના ? સાકર ભેગો તો તમે શે'રના ખાઓ ! નાહકના સાકર બગાડો.'

જમના કહે : 'કાકા ! થોડો ઘરે લઈ જવા ખીસામાં નાખું ?'

માધો કહે : 'થોડોક શું કામ ? આ આટલો બધો ઢગલો કોના સારુ છે ? એક વાર ખાઓ તો ખરાં ! વધશે ઇ હારે લેજે. તમારે માટે જ પાડ્યો છે ના ?'

સૌએ ધરાઈ ધરાઈને પોંક ખાધો; ખૂબખૂબ ખાધો.

* * *

'એ હવે સૌ ગાડા ઉપર ચડી બેસો. સાંજ પડવા આવી છે.' રઘે ગાડે ચડીને બળદની રાશ હાથમાં લઈ સાદ કર્યો.

છોકરાં પટપટ ગાડે ચડી બેઠાં; વચ્ચે રામજી કાકા બેઠા, ને ગાડું ઘર ભણી ચાલ્યું. સીમમાંથી હળુ હળુ ગાડું પાદર પહોંચ્યું. પાદરથી ગામમાં આવ્યું, ને ત્યાંથી



શેરીએ આવ્યું; ને ત્યાંથી રામજી કાકાના ફળીમાં જઈ ઊભું રહ્યું.

છોકરાં ઊતરી ગયાં; રઘા પટેલે પોંકનું પોટકું ગાડામાંથી ઓશરીની કોરે મૂક્યું.

ઘરમાં નાનાં છોકરાંએ કૂદાકૂદ કરી મૂકી: એ પોંક આવ્યો ! પોંક આવ્યો !'

* * *

'રઘા પટેલ ! આવજે. હામાને રામરામ ને ઉકાને ને માધાને ય રામરામ ! એ આવજે.'

'એ હો કાકા.'

રઘા પટેલ ખાલી ગાડું ઝટઝટ હાંકતા ઊપડી ગયા.

રઘો. હામો. માધો અને ઉકો ચાર ભાઈઓ છે. દસ સાંતીની ખેડ કરે છે. ચારે જુવાનજોધ છે. રાતદી રૂપાળી ખેડ કરે છે ને મજા કરે છે.

રામજી કાકા પટેલના ગોર છે; પૂછવાનું ઠેકાણું છે; ત્રણ પેઢીનો જૂનો નાતો છે.

ચિંતુ. બટુક, જમના ને ગોદી શિવલાલનાં છોકરાં. રામજી કાકાનો નાનો ભાઈ શિવલાલ દરબારમાં નોકરી કરે છે.

## પરબ

ધોરી રસ્તો હતો અને રસ્તાને કાંઠે ઝૂંપડી હતી.

ઝૂંપડીમાં ચાર ગોળા ને ઉપર માટીનાં ઢાંકણાં હતા. એક ગોળા ઉપર પિત્તળનો પ્યાલો હતો, બીજા ઉપર કોકરનો હતો, ત્રીજા ઉપર લોટકો હતો ને ચોથા ઉપર લોઢાનું ડબલું હતું. ખૂણામાં એક આંકડિયાવાળી તાંબાની લોટી હતી.

કોકરને પ્યાલે બ્રાહ્મણ પાણી પીએ, પિત્તળને પ્યાલે વાણિયા, લોટકે લોકવરણ ને ડબલે મુસલમાન પીએ.

બ્રાહ્મણ, વાણિયા, લોક ને મુસલમાનના ગોળા ઝૂંપડીની અંદર હતા. બહાર એક નાળચું હતું, તે લાકડી પર ખોડેલું હતું. ડબલામાં પાણી રેડે એટલે નાળચેથી ધાર થાય. નાળચા આગળ મોં રાખી બે હાથનો ખોબો વાળી પીવાનું.

ત્યાં બધા ઢેડભંગી પીએ.

ઢેડભંગીનો ગોળો નહિ. મુસલમાનના ગોળામાં એનું પાણી. ઢેડભંગીને પ્યાલો યે નહિ. પ્યાલાને કોણ અડે?



ઢેડને સીધું પાણી રેડવાથી રેડનારું અભડાય એટલે ઢેડભંગી નાળચે પાણી પીએ.

વટેમાર્ગુ રસ્તેથી નીકળે ને પાણી પીતા જાય. ટાઢું કરા જેવું પાણી પીતા જાય ને હાશ કહેતાં જાય; લીમડાને છાંયે બેસતાં જાય ને થોડોક થાક ઉતારતા જાય.

ધોરી રસ્તો હતો, રસ્તાને કાંઠે એક ઝૂંપડી હતી અને એ ઝૂંપડીમાં પરબ હતું.

## રામજીમંદિર

સાંજ પડે ને ઝાલર થાય: ટન્‌નન્‌, ટન ટન ટન.

'એ દોડો, દોડો! મંદિરમાં આરતી થાય છે.'

લખુડો અને પમલો, મોંઘી અને શિવલી, અમે બધાં મંદિર ભણી દોડ્યાં.

રણછોડદાસજી આરતી કરતા હતા.

એક હાથમાં આરતી ને બીજા હાથમાં ટોકરી. આણીકોર આરતી ફેરવે ને પેલી કોર આરતી ફેરવે; આરતી ફરતી જાય ને અજવાળું ફરતું જાય. આરતી મૂકી શંખ લે; શંખ ફરતો જાય ને પાણી ઊડતું જાય. બીજા હાથમાં ટોકરી તો જ હોય.

મણકી ને ગગુડી મોટા ટોકરા વગાડે; રામલો નગારું વગાડે ને હું ઝાલર વગાડું; બીજાં છોકરાં તાળીઓ પાડે ને આરતી ગાય.

આરતી પૂરી થાય.

બાવાજી આરતી ફરતું પાણી ફેરવે; પહેલાં આરતી ભગવાનને ધરે; પછી આરતી અમને આપે.

હાથ ધરીને આરતી લઈએ.



ભાવે કરીને આંખે અડાડીએ.

પછી રણછોડદાસ બાવો પ્રસાદી આપે. કોઈક વાર ટોપરું અને સાકર; કોઈ વાર તુલસીનાં પાન; કોઈ વાર પોંક અને ખાંડ, તો વળી કોઈ વાર એકલી સાકર પણ આપે.

મણકી બહુ ઉતાવળી. ઝટ ઝટ હાથ ધરે ને પ્રસાદી લે.

લખુડો તો સૌની વાંસે ઊભો રહે.

બાવાજી કહેશે: 'હળવે, છોકરાં! હળવે. સૌને આપું છું.'

પ્રસાદી મળે એટલે જગુ ને ભગુ તો ઘર ભેળા જ થઈ જાય.

અમે–રવજી, કુંવરો અને વિશવો–ત્યાં બેસીએ ને બાવાજીનાં ભજન સાંભળીએ.

બાવાજી ખૂણામાંથી તંબૂરો લે ને તાર સરખા કરે.

તંબૂરાને માથે મોરપીંછનો ભારો.

બાવાજી ગાતા ગાતા ડોલે એટલે તંબૂરો ય ડોલે; ને તંબૂરો ડોલે એટલે પીંછા ય ડોલે. દેખાવ ભારે સુંદર લાગે.

વાળુ વેળા થઈ હોય; શેરીમાં અંધારું થઈ ગયું હોય. વધારે તો કેમ બેસાય?

એકાદ ભજન સાંભળી લઈ ઘર ભણી ઊપડીએ.

ઘરે જઈ વાળુ કરી સૂઈ જઈએ.

# રામકથા

દશરથ નામે રાજા હતા. અયોધ્યામાં રાજ કરતા હતાં: એને ત્રણ રાણીઓ હતી. એકનું નામ કૌશલ્યા, બીજીનું નામ કૈકયી ને ત્રીજીનું નામ સુમિત્રા. કૌશલ્યાના રામ, કૈકયીના ભરત ને સુમિત્રાના લક્ષ્મણ ને શત્રુઘ્ન.

રામ સૌથી મોટા હતા. રામ ગાદીએ બેસવા જેવડા થયા. દશરથ રાજાએ ગાદીએ બેસાડવાનું મૂરત લીધું, પણ તરત એ બધું ફરી ગયું. રામને બાર વરસનો વનવાસ મળ્યો ને ભરતને ગાદી મળી. એ કામાં બધાં મંથરાનાં એણે કૈકયીને શીખવ્યું ને કૈકયીએ કરાવ્યું.

રામની સાથે સીતા ચાલ્યાં. લક્ષ્મણ કહે : 'હું પણ આવું.' રાજપાટને છોડી દીધાં ને મહેલ છોડી જંગલ લીધાં.

ત્રણે પંચવટીમાં રહ્યાં છે. ખાય છે, પીએ છે ને ભજન કરે છે. ત્યાં રાવણે માયા આદરી.

રાવણ લંકાનો રાજા હતો. બ્રાહ્મણ હતો પણ રાક્ષસ હતો. એને સીતાને હરી જવાનું મન થયું. એણે એક કપટ કર્યું.



રામ, લક્ષ્મણ ને સીતા બેઠાં હતાં ત્યાં એક હરણ મોકલ્યું. હરણ સોનેરી ચામડીવાળું. સીતાએ જોયું ને કમખો કરાવવાનું મન થયું. 'રામચંદ્રજી! તમે એ હરણ મારી લાવો; મારે એનો કમખો કરાવવો છે.'

રામે ઘણી ના કહી, લક્ષ્મણે ઘણાં વાર્યાં, પણ સીતાએ તો હઠ લીધી.

રામ તો ધનુષ્યબાણ લઈને મૃગલાની વાંસે દોડ્યા. મૃગલો તો જાય ભાગ્યો. મોઢા આગળ મૃગલો અને વાંસે રામ; ક્યાંઈ નીકળી ગયા. એક તીર લાગ્યું ને મૃગલો પડ્યો. પણ મૃગલો તો માયાવી હતો. મરતાં મરતાં એમ બોલ્યો : 'ધાજે, વીરા લક્ષ્મણ!'

સીતાજીએ એ સાંભળ્યું અને લક્ષ્મણને રામની વાંસે મોકલ્યા.

સીતા એકલાં રહ્યાં અહાલેક કરતો એક બાવો આવ્યો ને ભિક્ષા માગી. સીતા ભિક્ષા દેવા ગયાં ત્યાં તો બાવે એને ઉપાડ્યાં ને ભાગ્યો.

ઘણું સીતા સાદ કરે : 'હે રામ! લક્ષ્મણ દોડો, દોડો! મને કોઈ લઈ જાય છે!'

પણ રામ ને લક્ષ્મણ તો બહુ દૂર હતા. કોણ સાંભળે?

એ બાવો તે રાવણ પોતે જ હતો.

રાવણે સીતાને અશોકવનમાં રાખ્યાં. ચોકી કરવા

ફરતી કાળી કાળી રાક્ષસીઓ મૂકી, રાવણે કહ્યું : 'કાં તો મને પરણ અને કાં તો આ જંગલમાં રહે.'

સીતા કહે : 'મારે તો એક રામચંદ્રજી સાચા. તું મારો ભાઈબાપ. ભલે હું મરી જઈશ, પણ તને નહિ પરણું !'

આણીકોર રામ અને લક્ષ્મણ મઢીએ પાછા આવ્યા, ત્યાં સીતા ન મળે ! 'અરેરે ! કોઈ લઈ ગયું ?' રામ રડી પડ્યા; લક્ષ્મણ પણ રડી પડ્યા.

શોધતાં શોધતાં પત્તો લાગ્યો કે કોઈ રાક્ષસ સીતાને લંકામાં લઈ ગયો છે.

રામને હનુમાન અને વાલી અને સુગ્રીવ તથા એવા વાંદરાની ભાઈબંધી થઈ. હનુમાન લંકામાં જઈને ખાતરી કરી આવ્યા.

રાવણને ખબર પડી ગઈ કે કોઈ વાંદરો આવ્યો છે. એ તો કહે : 'પૂંછડે ગોદડાં બાંધી ઉપર તેલ છાંટી સળગાવી દ્યો.'

હનુમાનનું પૂછડું બહુ લાંબું. ગામ આખાનાં ગોદડાં બંધાઈ ગયાં; ગામ આખાનું તેલ છાંટવું પડ્યું. પણ પછી ? પછી ગોદડાં સળગાવ્યાં. હનુમાને ભારે કરી ! એક ખોરડા ઉપરથી બીજા ખોરડા ઉપર ને બીજા ઉપરથી ત્રીજા ઉપર. આખી લંકા ઉપર સળગતે પૂંછડે



કૂદ્યા અને લંકાને બાળી નાખી. પહેલાં લંકા તો સોનાની હતી; એ લંકા તો બળી ગઈ.

પછી હનુમાન રામ પાસે આવ્યા. રામને થયું કે લડ્યા વિના સીતા આપશે નહિ. રામે મોટું લશ્કર લીધું. લશ્કરે મોટી પાજ બાંધી; દરિયો ઓળંગી સૌ લંકામાં આવ્યા. કુંભકર્ણ મરી ગયો; રાવણનો પુત્ર ઇન્દ્રજિત પણ મરી ગયો. બન્ને જણા મોટા જબરા યોદ્ધા હતા. છેવટે રાવણ પણ મરાયો. રહ્યો એક રાવણનો ભાઈ વિભીષણ. એ રામનો પરમ ભક્ત હતો, ને એના પક્ષનો હતો.

પછી રામ અને સીતા મળ્યાં. એટલામાં વનવાસ પૂરો થયો.

પછી રામ, સીતા ને લક્ષ્મણ અયોધ્યામાં પાછાં આવ્યાં ને ખાધું પીધું ને રાજ કર્યું.

## બાંગ પડે

સવાર થાય ને બાંગ પડે : 'અલ્લા હો અકબર ! અલ્લા હો અકબર !'

ઘરની જ પાછળ પીરની જગ્યા હતી. જગ્યામાં એક ફકીર રહેતો.

થોડી વાર ત્યાં તો 'કડિંગ ધૂમ; કડિંગ ધૂમ' નગારું વાગે; 'જાગતા પીર, જાગતા પીર, જાગતાં પીર !' બોલ સંભળાય.

ફકીરની કાળી દાઢી, કાળો ઝભ્ભો ને લીલું માથા-બંધણું.

ફકીર પીરની પૂજા કરે. દરગાહ ઉપર ફૂલ પાથરે, લોબાનનો ધૂપ કરે ને બોલે : 'યા રહીમ, યા ખુદા, યા પરવરદિગાર !'

બપોર થાય ને નગારું ધણધણે.

ફકીર પાછો બાંગ પોકારે : 'અલ્લા હો અકબર ! અલ્લા હો અકબર !'

મુસલમાનો એકઠા થાય, હાથપગ ધુએ ને નમાજ પઢે.

ફળીમાં બાવળ હતો. એની ડાળે ધજા હતી. ધજા



ધોળી હતી. લોકો એ પીરને ધોળી ધજાવાળો કહેતા. ધજા રાતદિવસ ફડફડ્યા જ કરે : 'ફડફડ ફડફડ.'

રોંઢે મુસલમાનો એકઠા થાય, કાવો કાઢે, વાતો હાંકે ને વખતે ભજનો ગાય.

ફકીર એક તંબૂરો રાખતો જે મીઠે રાગે ભજન ગાતો.

સાંજ પડે ને જગ્યામાં ધૂપ થાય, નગારું વાગે ને બાંગ પડે.

અમારા ઘરની વાંસે જ પીર હતા. વચ્ચે એક વંડી હતી.